અપીલ અરજી નં.૨૩ તા.૧૩–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી તુલસીબેન ભરતભાઈ તડવી
સામાવાળાઃ આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી તુલસીબેન ભરતભાઈ તડવીની આઈ ડી.નં.૩૦૫ તા.૨૫/૨૭–૨–૦૯ ની અરજીથી કોસાડમાં બંધાય રહેલા ત્રણ માળના એપાર્ટમેન્ટના બાંધકામનું કામ કોને આપવામાં આવેલું તે બિલ્ડર/કોન્ટ્રાકટર/પેટા કોન્ટ્રાકટરનું નામ, સરનામું તથા બાંધકામ અંગે એગ્રીમેન્ટની નકલ કોન્ટ્રાકટરે વર્કમેન કોમ્પેનસેશન એકટ હેઠળ કોઈ વીમો લીધેલો છે જો વીમો લીધેલ હોય તો તેની વિગત, તા.૧૫–૧૦–૦૮ ના રોજ તડવી ભરતભાઈ મનસુખભાઈ ત્રીજા માળે પડી જતાં સ્થળ ઉપર મરણ થયેલ છે તે અંગે બિલ્ડર/કોન્ટ્રાકટર સામે મહાનગરપાલિકાએ કોઈ કાર્યવાહી કરી છે જો કરી હોય તો તેની વિગત, આપના ઉપરી અધિકારીશ્રીના નામ અને સરનામાં વિગેરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૩–૪–'૦૯ ની અપીલ અરજી નં.૨૩/૨૦૦૯–૧૦

શ્રી તુલસીબેન ભરતભાઈ તડવીની આઈ ડી.નં.૩૦૫ તા.૨૫/૨૭–૨–૦૯ ની અરજીથી કોસાડમાં બંધાય રહેલા ત્રણ માળના એપાર્ટમેન્ટના બાંધકામનું કામ કોને આપવામાં આવેલું તે બિલ્ડર/કોન્ટ્રાકટર/પેટા કોન્ટ્રાકટરનું નામ, સરનામું તથા બાંધકામ અંગે એગ્રીમેન્ટની નકલ કોન્ટ્રાકટરે વર્કમેન કોમ્પેનસેશન એકટ હેઠળ કોઈ વીમો લીધેલો છે જો વીમો લીધેલ હોય તો તેની વિગત, તા.૧૫–૧૦–૦૮ ના રોજ તડવી ભરતભાઈ મનસુખભાઈ ત્રીજા માળે પડી જતાં સ્થળ ઉપર મરણ થયેલ છે તે અંગે બિલ્ડર/કોન્ટ્રાકટર સામે મહાનગરપાલિકાએ કોઈ કાર્યવાહી કરી છે જો કરી હોય તો તેની વિગત, આપના ઉપરી અધિકારીશ્રીના નામ અને સરનામાં વિગેરેની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૫ ની સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાતું નથી તેવી અધૂરી માહિતી અંગે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૮૯ તા.૨૪–૪–૦૯ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) તથા અરજદારને અધૂરી માહિતીના આધાર પુરાવા અને વાજબીપણું અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદારે તરફથી તા.૮–૫–૦૯ના પત્રથી મૃતકના પોસ્ટ મોર્ટમની નકલ તથા મરણનો દાખલો તેમજ પંચનામા વિગેરેની નકલો રજુ કરેલ છે.

અરજદારની તા.૨૫/૨૭–૨–૦૯ ની અરજીથી કોસાડમાં બંધાય રહેલા ત્રણ માળના એપાર્ટમેન્ટના બાંધકામનું કામ કોને આપવામાં આવેલું તે બિલ્ડર/કોન્ટ્રાકટર/પેટા કોન્ટ્રાકટરનું નામ, સરનામું તથા બાંધકામ અંગે એગ્રીમેન્ટની નકલ કોન્ટ્રાકટરે વર્કમેન કોમ્પેનસેશન એકટ હેઠળ કોઈ વીમો લીધેલો છે જો વીમો લીધેલ હોય તો તેની વિગત, તા.૧૫–૧૦–૦૮ ના રોજ તડવી ભરતભાઈ મનસુખભાઈ ત્રીજા માળે પડી જતાં સ્થળ ઉપર મરણ થયેલ છે તે અંગે બિલ્ડર/કોન્ટ્રાકટર સામે મહાનગરપાલિકાએ કોઈ કાર્યવાહી કરી છે જો કરી હોય તો તેની વિગત, આપના ઉપરી અધિકારીશ્રીના નામ અને સરનામાં વિગેરેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જેનો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એસયુસી/આ.નં.૨૪૦૫ તા.૨૩–૩–૦૯ થી અરજદારને સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે આપેલ માહિતીના મુદ્દા નં.૫ અંગે તા.૧૫–૧૦–૦૮ ના રોજ કોસાડ બાંધકામના કોન્ટ્રાકટરની બેદરકારીના કારણે ચાલુ કામે તડવી ભરતભાઈ મનસુખભાઈ ત્રીજા માળેથી પડી જતાં થયેલ મરણ અંગે કોન્ટ્રાકટર/બિલ્ડર સામે મહાનગરપાલિકાએ કોઈ કાર્યવાહી કરી છે? તેની માહિતી માંગવામાં આવેલ જે અંગે જાહેર માહિતી અધિકારીએ "સુરત મહાનગરપાલિકાના ઉકત ચાલુ કામોએ કોન્ટ્રાકટરની બેદરકારીથી તડવી ભરત મનસુખ નીચે પડી જતાં મૃત્યુ પામ્યા હોવાની કોઈ માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. ઈજારાદારો સામે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાતું નથી." તે મુજબ જણાવવામાં આવેલ જેની સામે અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૫ ની માહિતી અધૂરી આપેલ છે તેવું જણાવેલ. જેની સાથે અરજદારે કતારગામ પોલીસ સ્ટેશન અકસ્માત મોત નં.૧૩૫/૦૮ તા.૧૫–૧૦–૦૮ ના રોજ કોર્પોરેશનના ગામે કોસાડમાં નવા બંધાય રહેલા ત્રણ માળનાં મકાન ઉપરથી પડી જતાં તડવી ભરતભાઈનું મૃત્યુ થયેલ છે જે અંગેનું પીએમ સુરત સીવીલમાં થયેલ છે આ પુરાવાઓ હોવા છતાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અધૂરી હોવાની રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્ર અંગે કોઈ તકરારી મુદ્દા બાબતે સિવાયના વધુ કોઈ આધાર પુરાવા જેવા કે ઘટનાના સમયે મૃતક કામ પર હતા અને કામ ચાલુ હતુ તેવા વિશષ કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી.

પા૦૭ળ

પ્રસ્તુત કિસ્સા અંગે માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૫ અંગે તા.૨૧–૫–૦૯ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે ડે.કમિશનર(જન.) અને એપેલેટ ઓફિસર સમક્ષ મુગલીસરા મુખ્ય કચેરી ખાતે સુનાવણી અર્થે નં.આરટીઆઈ સેલ/૧૫૦ તા.૧૪–૫–૦૯ થી બંને પક્ષકારોને પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને સાંજે ૪–૧૦ કલાક સુધી અરજદાર કે તેમના પ્રતિનિધિ સુનાવણીમાં ઉપસ્થિત રહેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારીએ ઉપસ્થિત રહી રજૂઆત કરેલ છે. મોજે કોસાડ પ્લોટ નં.એચ–૧ થી એચ–૫ સુધી પ્રોજેકટ સાઈટ પર અરજદારે આરટીઆઈ અરજીમાં નિર્દિષ્ટ કરેલ નામ ધરાવતા કોઈ ઈસમ મહાનગરપાલિકાના કોન્ટ્રાકટ સાઈટ પરના કામદાર હોવાના કોઈ પુરાવા કે વિગતો અત્રેના દફતરે ઉપલબ્ધ નથી. વધુમાં પ્રોજેકટ સાઈટ પર રોજ રોજ ચાલતા કામ શરૂ થવા કે પુરા થવાના સમયે તેના નિયત રજીસ્ટરમાં નોંધવામાં આવે છે. તે અનુસાર અરજદારે દાવો કરેલ વિગતે રાત્રિના ૯–૦૦ કલાકના સમયે તા.૧૫–૧૦–૦૮ ના રોજ કોઈ કામ ચાલતું હોવાનું નોંધાયેલ નથી. તેમના તરફથી તે અંગેના રજીસ્ટરની નકલ રજુ કરેલ છે.અરજદાર તરફથી મૃતક કોન્ટ્રાકટરના કામદાર હોવાના હાજરી કાર્ડ કે કામદાર હોવાના પુરાવા રજુ કરેલ નથી. આમ અત્રેથી આપેલ માહિતી દફતર પ્રમાણે સાચી અને પુરી વિગતે આપેલ છે. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની ૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ અનુસાર જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫/૨૭–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન–૭માં અત્રે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ તકરાર હેઠળના કેસની રજુ થયેલ દફતરી વિગતોની તપાસણી કરી શકે છે. અરજદાર તરફથી તેવી રજુઆત થયે જાહેર માહિતી અધિકારીએ હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવાની રહેશે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી, (સ્લમ અપગ્રેડેશન સેલ)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી તુલસીબેન ભરતભાઈ તડવી, મુ.પો.કારેલી, તા.નાંદોદ,જી.નર્મદા, સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.